ગાંધીનગર સમાચાર

**ભાજપે ચૂંટણી સમિતિ, શિસ્ત સમિતિ અને સંકલ્પ પત્ર સમિતિની રચનાઓ કરી**

# શહેરના ગ-માર્ગ પરથી વાછરડાનુ મસ્તક મળ્યુ..!

**રામનવમીના દિવસે જ ગૌવંશ મસ્તક મળતા ચકચાર : એફએસએલ અને વેટરનરી તબીબની ટીમ બોલાવી પોલીસે ઘટનાની બારીકાઈથી તપાસ આરંભી : વિશ્વ હિન્દુ પરીષદ-બજરંગદળની ટીમોએ સ્થળ પર સૂત્રોચ્ચાર કર્યા : આઈજીપી સહીત પોલીસ અધિકારીઓ સ્થળ પર દોડી આવ્યા : નજીકની ચીકન લારી તાત્કાલીક દબાણ શાખાને બોલાવીને ઉઠાવી લેવાઈ**





ગાંધીનગર, તા. ૫

ગૌવંશ હત્યાનો કાયદો ધારદાર કર્યે હજુ પાંચ દિવસ થયા છે ત્યાં રાજયના પાટનગરમાં ગ-માર્ગ પર રામનવમીને દિવસે જ ગૌવંશ મસ્તક મળી આવતા ચકચાર મચી જવા પામી છે. જો કે વાછરડાનું માથુ વાઢીને ફેંકી દેવાયું છે કે મૃત વાછરડાનો કોરી ખાઈને શ્વાન ઝાડીઓમાંથી મસ્તક ખેંચી લાવ્યુ છે તે બાબત હજુ સ્પષ્ટ થઈ નથી. આ મામલાને ગંભીરતાથી લઈને આઈજીપી સહીતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને એફએસએલ તથા વેટરનરી તબીબ ટીમ બોલાવી વાછરડાના મૃત્યુ અંગે વૈજ્ઞાનિક ઢબે બારીકાઈથી તપાસ શરૂ કરી છે. તો બીજી તરફ વિશ્વહિન્દુ પરીષદ-બજરંગદળના કાર્યકરો સ્થળ પર આવી પહોંચ્યા હતા અને જો કોઈ જવાબદાર જણાય તો તેને આકરીમાં આકરી સજા કરાવવાની માંગ કરી સૂત્રોચ્ચાર કર્યા હતા.

મળતી માહિતી મુજબ આજે રામનવમીના દિવસે બપોરના અરસામાં ગ-૨ થી ગ-૩ તરફ જઈ રહેલા એક કારચાલકને રસ્તા વચ્ચે પડેલ એક વાછરડાનું મસ્તક દેખાતા તેણે બ્રેક મારી પોલીસને જાણ કરી હતી. આ બાબતને ગંભીરતાથી લઈ રેન્જ આઈજીપી આર.બી. બ્રહ્મભટ્ટ, ઈન્ચાર્જ એસ.પી. એમ.જે. સોલંકી પણ સ્થળ પર દોડી આવ્યા હતા. સે. ૭ પોલીસ અને એસઓજીની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. વાછરડાનું મસ્તક કપાયેલી હાલતમાં મળ્યુ હોવાના મેસેજ મળતા વિશ્વ હિન્દુ પરીષદ-બજરંગ દળના આગેવાનો કાર્યકરો પણ સ્થળ પર પહોંચી ગયા હતા. વાછરડાના મસ્તક સંદર્ભે બે શક્યતાઓ ઉપસી આવી છે. એક તો કોઈએ વાછરડાની કત્લ કરીને ઈરાદાપૂર્વક ધાર્મિક લાગણી દુભાવી સુલેહ શાંતિનો ભંગ કરવાનું કાવતરૂ રચ્યુ છે. અને બીજી શક્યતા એ છે કે મૃત વાછરડાને લઈ બાજુની ઝાડીઓમાં ફેંકી ગયુ અને શ્વાન દ્વારા મૃત વાછરડાને કોરી ખાધુ અને શ્વાન વાછરડાનું મસ્તક તાણી લાવ્યું..! જો કે બીજી શક્યતા હોવાનું પોલીસ અનુમાન એટલા માટે લગાવ્યુ છે કે નજીકમાં જ ચિકન લારી ચલાવતા એક વેપારીએ નિવેદન આપ્યુ છે કે ગઈ રાત્રે કોઈ મૃત વાછરડુ ઝાડીમાં ફેંકી ગયુ હતુ. તે સ્થળ પર કપાયેલા પગ પણ મળી આવ્યા છે. તેમ છતા આ બાબતને ગંભીરતાપૂર્વક લઈ એફએસએલ અને વેટરનરી તબીબી ટીમ બોલાવી ઊંડી તપાસ શરૂ કરવામાં આવી છે અને મામલો બિચકે નહી તે માટે નજીકની ચીકન લારી દબાણ શાખાને બોલાવી તાત્કાલીક ધોરણે હટાવી દેવામાં આવી છે.

## વીએચપી-બજરંગ દળ શહેરની મટન-ચીકન શોપ્સ બંધ કરાવવા નીકળ્યા

રામનવમી જેવા હિંદુઓના પવિત્ર તહેવારના દિવસે જ શહેરમાંથી સે-૫ નજીક મુખ્ય માર્ગ પરથી ગાયનું માથુ મળી આવતા ભારે ચકચાર મચી જવા પામી છે. આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત આપતા વિશ્વ હિંદુ પરિષદ તથા બજરંગ દળના કાર્યકરોએ ઘટના સ્થળે પોલીસ પર ઘોંસ જમાવવા સાથે સાંજે શહેરમાં વિવિધ સેકટરોમાં ચાલતી મટન તથા ચીકન શોપ્સને બંધ કરાવવા કવાયત હાથ ધરી હતી. મોટી સંખ્યામાં વીએચપી-બજરંગ દળના કાર્યકરોએ એકઠા થઈ ગેરકાયદે મટન-ચીકનની દુકાનો બંધ કરાવવા નીકળ્યા હતાં.

## કોઈએ રાત્રે મૃત વાછરડાંને ફેંકયુ જેને કૂતરાંઓએ ચુંથ્યુ

સેકટર-પમાં સીએનજી ગેસ પંપની પાછળ ઝાડીમાં ચીકન શૉપ ધરાવતા વસીમ કુરેશી તથા તેમના મદદનીશે જણાવ્યું હતું કે ગઈ કાલે રાત્રે સામે સેકટર-૬ની ઝુંપડપટ્ટીમાં રહેતા માલધારીઓમાંથી કેટલાક મરી ગયેલું વાછરડું અહીં ઝાડીઓમાં નાંખી ગયા હતા. આ વાછરડાને કૂતરાંઓએ ફાડી ખાધું હતું. આ કૂતરાંઓ વાછરડાના અવશેષો માટે ખેંચાખેંચ કરતા હતા જેમાંથી તેનું માથુ આજે બપોરે એક કૂતરો લઈને ભાગ્યો હતો જે કદાચ રોડ તરફ જતા વાછરડાનું માથુ રોડ પર આવી ગયું હશે. વીસમ કુરેશી તથા તેના મદદનીશે વાછરડાના શરીરના બાકી અવશેષો પોલીસને ઝાડીમાં પડેલા બતાવ્યા હતા જેને પોલીસની હાજરીમાં જ કૂતરાં ખેંચાખેંચ કરતા હતા.

## વિશ્વ હિંદુ પરિષદ-બજરંગ દળનો હોબાળો

ગાયના વાછરડાનું માથું રોડ પર પડયાના સમાચાર મળતા જ વીએચપી તથા બજરંગ દળના કાર્યકરો ઘટના સ્થળે ધસી આવ્યા હતા. તેમણે પોલીસને ઉગ્રતાથી રજૂઆતો કરી સે-૫ સહિત શહેરમાં ચાલતી મટન શોપ્સ બંધ કરવા માંગ કરી હતી. આ સાથે તેમણે રામનવમીના દિવસે બનેલી આ ઘટનાને ગંભીર ગણાવતા 'નહીં સહેંગે નહીં સહેંગે, ગૌ હત્યા નહી સહેંગે' તથા 'જય શ્રી રામ', 'ગૌ હમારી માતા હૈ' જેવા સુત્રો પોકારી મામલો ગરમાવ્યો હતો.

# જિલ્લામાં ઉનાળુ વાવેતર ૨૨ હજાર હેક્ટરે પહોંચ્યું

**ઉનાળુ બાજરી, ગુવાર, મગફળી, શાકભાજીના પાકોનું વાવેતર થયું : પશુધન માટે ઘાસચારાનું સૌથી વધુ વાવેતર થયુ**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં ઉનાળુ વાવેતર ૨૨ હજાર હેક્ટરે પહોંચ્યું છે અને હજુ એકાદ સપ્તાહ સુધી વાવેતર થશે તેવા અંદાજો છે.

જિલ્લામાં ઉનાળુ સિઝનનું વાવેતર છેલ્લા પાંચ વર્ષની તુલનામાં આ વખતે ઘટતુ જણાઈ રહ્યું છે. ચૈત્રના પ્રારંભે જ જે રીતે હીટવેવ પકડાયો છે તેને કારણે વાવેતર ઘટ્યુ હોવાનો આડકતરો એકરાર તંત્રના અધિકારીઓ કરી રહ્યા છે. જો કે તેઓ એવુ માને છે કે જિલ્લામાં આ વર્ષે પણ સરેરાશ ૩૦ હજાર હેક્ટર જેટલુ વાવેતર તો થશે જ.

જિલ્લામાં અત્યાર સુધીમાં જે વાવેતર થયું છે તેમાં પશુધન માટે જુવારના ઘાસચારાનું વાવેતર થયુ છે. જ્યારે આ પછી બીજાક્રમે ઉનાળુ બાજરી આવે છે જેનું વાવેતર ૬૦૦૦ હેક્ટરમાં થયું છે.ઉનાળુ શાકભાજીના પાકોનું વાવેતર ૩ હજાર હેક્ટરમાં થયું છે. તો ગુવારનું વાવેતર ૨૭૦ હેક્ટરમાં નોંધાયું છે.

● અનુસંધાન પાન-૭ પર

# પંચાયતના સભ્યો ૧૩મીથી કેરળના એક સપ્તાહના પ્રવાસે જશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા પંચાયતના સદસ્યો આગામી ૧૩મી એપ્રિલથી કેરળના એક સપ્તાહના પ્રવાસે જઈ રહ્યા છે. પંચાયતના સભ્યોએ પ્રેરણા પ્રવાસ માટે સરકારમાં દરખાસ્ત રજુ કરી હતી જેને મંજૂરી મળતાં જ આ પ્રવાસના આયોજનને લઈ સભ્યો વ્યસ્ત બની જવા પામ્યા છે. અગાઉ ગોવાના પ્રવાસ માટે મંજૂરી લેવામાં આવી હતી પરંતુ તેમાં સુધારો કરી અને સુધારા દરખાસ્ત કેરળ માટે કરવામાં આવી હતી.

એક સપ્તાહના પ્રવાસ દરમ્યાન સભ્યો ત્યાંની પંચાયતી રાજ વ્યવસ્થાનો પણ અભ્યાસ કરનાર છે. આ પ્રવાસ દરમ્યાન તેઓ ખાસ કરીને પંચાયતી રાજ સંસ્થાનો અને વિકાસની કામગીરીનો અભ્યાસ કરનાર હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની છેલ્લી સામાન્ય સભા વખતે પ્રેરણા પ્રવાસ અંગે સભ્યોની રજુઆત પછી સુધારા દરખાસ્ત કરવામાં આવી હતી તે ઉલ્લેખનીય છે.

જિલ્લા પંચાયતના ચૂંટાયેલા ૩૦ સભ્યો આ પ્રવાસે જઈ રહ્યા છે. પ્રવાસનો વિગતવાર કાર્યક્રમ એકાદ દિવસમાં આખરી થઈ જશે તેમ જાણવા મળી રહ્યું છે.

# ભાજપે ચૂંટણી સમિતિ, શિસ્ત સમિતિ અને સંકલ્પ પત્ર સમિતિની રચનાઓ કરી

**ચૂંટણી સમિતિમાં પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, કેન્દ્રીયમંત્રી રૂપાલા પ્રદેશ પ્રમુખ, મુખ્યમંત્રી અને ના. મુખ્યમંત્રી સહિત ૧૪ સભ્યો**

ગાંધીનગર, તા. ૫

ભારતીય જનતા પક્ષે આજે વિધાનસભાની સામાન્ય ચૂંટણીને લઈ પ્રદેશ ચૂંટણી સમિતિ, શિસ્ત સમિતિ તેમજ સંકલ્પ પત્ર સમિતિની રચનાઓ કરવા સાથે ચૂંટણી પ્રચાર અભિયાનના કન્વીનર તરીકે પૂર્વ શહેરી વિકાસ મંત્રી કૌશિક પટેલની નિમણુંક કરવામાં આવી હોવાની વિધિવત્ જાહેરાત કરી છે.

આ વર્ષે યોજાનાર વિધાનસભાની સામાન્ય ચૂંટણીને લઈ ભાજપના પ્રદેશ એકમ ઈલેક્શન મોડમાં આવી ગયુ છે. યુવા મોરચાની નવી ટીમની રચના તેમજ વિવિધ આયામો અને પ્રકલ્પોમાં નિમણુંકો પણ કરી દેવામાં આવી છે. આજે પ્રદેશ ચૂંટણી સમિતિ, શિસ્ત સમિતિ તેમજ સંકલ્પપત્ર સમિતિની રચનાઓ જાહેર કરવામાં આવી છે.

પ્રદેશ ચૂંટણી સમિતિમાં મુખ્યમંત્રી પ્રદેશ પ્રમુખ, નાયબ

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર સમાચારના વરિષ્ઠ પત્રકાર ધનંજય જોષીના માતૃશ્રી કૈલાસબેનનું નિધન



ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરના વરિષ્ઠ પત્રકાર અને ગાંધીનગર સમાચારમાં ફરજ અદા કરતા ધનંજય જોષી અને ગાંધીનગરના મહિલા સામાજિક અગ્રણી અને જ્યોતિ મહિલા મંડળના પ્રમુખ ડૉ. ચેતનાબેન બુચના માતૃશ્રી કૈલાસબેન જોષીનું આજે વહેલી પરોઢે રામનવમીના દિવસે ટૂંકી માંદગી બાદ હોસ્પિટલમાં જ સારવાર દરમિયાન દુઃખદ નિધન થવા પામ્યું હતું. એકાએક ચિરવિદાય થતા ધનંજય જોષીના પરિવાર અને સગા સંબંધીઓમાં ઘેરા શોકની લાગણી વ્યાપી જવા પામી હતી.

આજે બપોરે ૧ વાગ્યાના સમયે સ્વ. કૈલાસબેન જોષીની પોતાના નિવાસસ્થાનેથી અંતિમયાત્રા નિકળી હતી. અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં નગરજનો-અગ્રણીઓ જોડાયા હતા. અંતિમ યાત્રામાં ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગુડાના વર્તમાન ચેરમેન આશિષભાઈ દવે, ગુડાના પૂર્વ ચેરમેન અશોકભાઈ ભાવસાર, કોર્પોરેટર અને પૂર્વ ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલ, કોંગી અગ્રણી નિશિથ વ્યાસ તથા હિમાંશુ પટેલ, ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા સહિત ગાંધીનગરના પત્રકાર આલમના પત્રકારો, ગાંધીનગર સમાચારના સ્ટાફ પરિવારના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.


STARTS FROM
1ST MAY 2017

Infocity Club & Resort
SUMMER CAMP

Following are the rates for summer camp -30 days, starting from 1st may 2017:-

1. Swimming:- Rs 2500/
Morning:- 8:00 am – 9:00 am
Evening:- 6:00 pm-7:00 pm

2. Lawn Tennis:- Rs 1500/-
Morning:- 8:00 am – 9:00 am
Evening: 6:00 pm- 7:00 pm

4. Football:- Rs 1200/-
Age : 5 years to 13 years
Evening:- 5:30 pm – 7:00 pm

3. Cricket:- Rs 1500/-
Age : 5 years to 13 years
Evening:- 5:30 pm – 7:00 pm

TENNIS SWIMMING CRICKET FOOTBALL

TRAINING AND GUIDANCE BY CERTIFIED COACHES

For More Info Call : +91 99099 06372 / +91 96380 85711

* Terms & Conditions Apply

Infocity Club & Resort, Indroda Circle, S.G. Highway, Gandhinagar
Call : 079 23213111/ 22/ 33/ 44/ 55, M:+91 99099 06372
www.infocityclub.net



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com